॥ વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ॥

# ॥ અધ્યાત્મ ॥

**(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)**


**સંસ્થાપક :** પરમ પૂજ્ય યોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રી નારાયણ જાની

**સંપાદક :** શ્રી તરલા દેસાઈ-ડૉ. અરુણા ઠાકર

**વ્યવસ્થાપક :** શ્રી આશિષ વી. ગોહિલ P.966 466 9052

**મુદ્રણ :** વૃન્દા ભૂપેન્દ્ર પટેલ, OLD L.I.G 167, આનંદનગર, ભાવનગર-૫

**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં, ડી.કે.પટેલ હૉલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩

અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com

વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'

ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

'અધ્યાત્મ' દર માસની ૧ તારીખે પ્રસિદ્ધ થશે.

આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.

છૂટક નકલ ૮-૦૦। દસ વર્ષ માટે **૨૫૦/–**

વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। દસ વર્ષ માટે **૧૬,૫૦૦/–**

'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.

'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.

આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઑર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ**

'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા

પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯


## ॥ પરમાત્મા સાથે સપ્તપદીના ફેરા ॥

**દુલહિન ગાવો મંગલાચાર**
**હમ ઘર આયે પરમ પુરુષ ભરતાર**
**તનરતિ કરિ મૈં મનરતિ કરિ હૌ પાંચો તત્ત્વ બરાતી**
**રામદેવ મેરે પાહુન આયે મૈં જોબન મદમાતી**
**શરીર સરોવર વેદી કરિ હૌં બ્રહ્મ વેદ ઉચાર**
**રામદેવ સંગ ભાંવરિ લૈહોં ધન ધન ભાગ હમાર**
**સુર તૈંતીસોં કૌતુક આયે મુનિવર સહસ્ર અઠાસી**
**કહ કબીર બ્યાહિ ચલે હૈં પુરુષ એક અવિનાસી**

**—કબીરજી**

'દર્શનપર્વ' પછી તે 'સ્વર્ગારોહણ'નું હોય, 'કર્પૂરવન'નું હોય કે 'વિદેશ'નું સર્વને એ 'પરમ સુખકર' કેમ લાગે છે ? કેમકે એમાં પૂજ્યશ્રી'મા' અને તેમનાં બાળકોનો 'આનંદદાયી મેળાપ' મુખ્ય હોય છે. બધું જ વીસરી જઈ, કેવળ હૃદયઐક્ય-આત્માનો અભેદ અનુભવવાની એ 'ધન્ય પળો' હોય છે. પણ એ પર્વ થોડી ક્ષણોનો ચમકાર કરી અદૃશ્ય થઈ જાય અને એમાં રહેલી 'શાશ્વતીની ઝંકૃતિ' ન સંભળાય તો ગમે તેટલી ભવ્ય ઉજવણીનો પણ શો અર્થ ?

કબીરજીના આ પદમાં પર્વની એ 'મંગલ ક્ષણ'ને શાશ્વત કરી લેવાનો સીધો—સરળ ઉપાય છે.


તમે દુલ્હન બની મંગલાચાર ગાવા માંડો. દુલ્હનરૂપ ધારતાં જ તમને પ્રતીત થશે કે, મારા ઘરે તો વરરાજારૂપે સ્વયં પ્રભુ પધાર્યા છે ! તન-મન એના પ્રેમમાં રત થઈ જઈ, પંચ મહાભૂતતત્ત્વો બારાતી-જાનૈયા થઈ જશે.

આજે મારે આંગણે દુલ્હારૂપે પ્રભુ છે. એમની સાથેના લગ્નમાં મારું શરીર અગ્નિની વેદી છે. ખુદ બ્રહ્મા મન્ત્રોચાર કરી રહ્યા છે. હું પરમાત્મા સાથે સપ્તપદીના ફેરા ફરીશ એ નિહાળવા તેત્રીસ કરોડ દેવતાઓ અને અઠ્યાસી હજાર મુનિવર્યો પધાર્યા છે. હું અખંડ, અવિનાશી પ્રિયતમ સાથે પરણી રહી છું. આના જેવું પરમ સૌભાગ્ય બીજું કયું હોય ?

પછી કોઈએ કોઈના લગ્નપ્રસંગે મ્હાલવા જવું નહિ પડે. દરેક જણ પોતે જ પ્રભુને પરણે-પોતાનાં લગ્ન મ્હાલે, આનંદે, ઊજવે. આ એક જ પર્વ-આત્મઐક્યનું, આત્માના પરમાત્મા સાથેના યોગનું શાશ્વત છે, અમર છે, અખંડ છે, ઉજવવા જેવું છે.

## વિશેષાંક

# || વિદેશમાં દર્શનપર્વ ||



ૐ યોગેશ્વરાય નમ :

કોઈની પરબડી બનીએ. સારા નિયમોને સદા વળગી રહો. સાધનાથી જ શાંતિ મળે.
- શ્રી યોગેશ્વરજી

ૐ

ૐ યોગેશ્વરાય નમઃ

આપણે સૌ માનતા હતા. જાણતા હતા. કલ્પના કરતાં હતાં કે મા હવે વિદેશયાત્રા કરશે. ઘણા વરસોથી વિદેશના સ્વજનો પ્રતિક્ષા કરતા હતા તો હવે આનંદ સાથે સૌને જણાવીએ છીએ કે મા વિદેશની ભૂમિ ઉપર પધાર્યા છે. ભારત/કેનેડા/અમેરિકા/જગતના સૌ સ્વજનો ઉપર પ્રભુના આશીર્વાદ વરસતા રહો

ૐ



# અનુક્રમ


| | | |
|---|---|---|
| નિવેદન | | ૫ |
| ૧. શ્રીયોગેશ્વરકથામૃત | શ્રી ‘મા’ સર્વેશ્વરી | ૬ |
| ૨. પ્રેમની સાધના : દર્શનપર્વ | ડૉ. અર્પિતા જોશી | ૯ |
| ૩. પૂ.શ્રી‘મા’ની દર્શનયાત્રાની અલૌકિક યોજના | શ્રી વિકાસ-રૂપલ | ૨૬ |
| ૪. દર્શનપર્વ | શ્રી જયંતીભાઈ | ૨૮ |
| ૫. દર્શનયાત્રા | શ્રી હંસાબેન અંબુભાઈ | ૩૧ |
| ૬. દર્શન : અમંગલહારી | શ્રી પારુલ અંકોલિયા | ૩૪ |
| ૭. એક સુંદર-સત્સંગદર્શન | શ્રી વિજય ભાવસાર | ૩૬ |
| ૮. એ ધન્ય ઘડી આવી જ ગઈ ! | શ્રી જિજ્ઞા સ્માર્ત | ૩૭ |
| ૯. આજ આનંદની હેલી | શ્રી પી.કે.શાહ | ૪૦ |
| ૧૦. શ્રી કૃષ્ણના આગમનથી આનંદિત ગોપી | શ્રી ભાવના ભાવસાર | ૪૧ |
| ૧૧. ‘પોકારો તો પડખે’ | શ્રી અમિષા | ૪૨ |
| ૧૨. Divine Darshan of Pu.Maa | શ્રી હિતેશ લાડ | ૪૬ |
| ૧૩. Direct Vision of Divine Mother | શ્રી પ્રતીક સ્માર્ત | ૫૫ |
| ૧૪. An Unique Darshan of Maa | શ્રી ધર્મેશ મિસ્ત્રી | ૬૦ |


-------------★-----------------★------------------

**|| ક્ષમસ્વ ||**

આપના ઉષ્માભર્યા પ્રેમસભર પ્રતિસાદ છતાં ‘વિદેશ-દર્શનપર્વ’નાં સાત લેખોનો સમાવેશ સ્થળસંકોચને કારણે આ અંકમાં થઈ શક્યો નથી.

## નિવેદન : વિદેશના ‘દર્શનપર્વ’ના શ્રીગણેશ એટલે પૂ.શ્રી‘મા’ની ‘પત્રિકા’

મહાન સંતોનાં ‘રહસ્યો’ જેટલાં ‘પ્રગટ’ હોય છે એટલાં જ ‘છૂપાં’ હોય છે. પરમ પૂજ્યશ્રી‘મા’ની આ ‘નાનકડી પત્રિકા’ એનું જીવંત પ્રમાણ છે.

પૂજ્યશ્રી‘મા’ આનંદ સાથે સ્વયં જણાવે છે કે; ‘મા વિદેશની ભૂમિ ઉપર પધાર્યાં છે. આપણે સૌ માનતાં-જાણતાં-કલ્પતાં હતાં કે, ‘મા’ હવે વિદેશયાત્રા કરશે; અર્થાત્ એ ઘટના પૂર્વનિર્ધારિત હતી. પણ પૂ.શ્રી‘મા’ એના રહસ્યને ઉઘાડતાં કહે છે તેમ, એની પાછળ ત્રણ-ત્રણ વરસોની, વિદેશના ભક્તોની ‘પ્રતીક્ષા’ હતી-છે.’

જ્યાં પ્રેમજનિત પ્રતીક્ષા હોય ત્યાં પ્રેમજનિત આગમન હોય જ હોય. પ્રેમનો એ સહજ, સ્વાભાવિક વણલખ્યો ધર્મ છે.

પરંતુ ‘મા’ના વિદેશગમનના સમાચાર કોઈ અન્ય માધ્યમ દ્વારા અચાનક આવ્યા હોત. તો દેશવાસીઓના કોમળ હૃદય પર કુઠારાઘાત થાત. એટલે તેઓશ્રીએ બહુ ચુપકીથી, આશ્વાસક શબ્દોમાં કહી દીધું ! બીજો એક આશય એ પણ ખરો કે, પોતાની અનુપસ્થિતિ કે ઉપસ્થિતિથી ક્યાંય જરાસરખો ભાર-દાબ સ્વજનો પર ન આવે.

એટલે એક સામાન્ય યાત્રિકની જેમ એક દેશમાંથી બીજા દેશમાં ગયાની માહિતી સાવ અનૌપચારિક રીતે આપી દીધી ! જો કે, આપણે જાણીએ છીએ કે સાચા સંતની યાત્રા એક ખંડમાંથી બીજા ખંડની મુલાકાત જેવી સ્થૂળ, સામાન્ય કદી હોતી નથી. એમની યાત્રાના એક સંકલ્પમાં યાત્રાપથમાં આવતાં પ્રત્યેક જીવના મંગલની ખેવના હોય છે. યાત્રાનો સઘળો પરિશ્રમ ભક્તોના કલ્યાણકાજ જ હોય છે.

વળી, પૂ.શ્રી‘મા’ ‘અત્ર’ થી ‘તત્ર’ વિચરણ કરતાં ભાસે, પણ સદા ‘સર્વત્ર’ વ્યાપ્ત જ તેમની ચેતના રહેવાની. નકશો દેશ-વિદેશની ભૂમિને અલગ આંકી બતાવે પણ પૂ.શ્રી‘મા’ તો હર પળ પ્રભુની નિત્ય પ્રાર્થનામાં જ વસતાં હોય છે, જેમાં ભારત, અમેરિકા, કેનેડા, પનામા જ નહિ સર્વ દેશોના ભક્તો પર પ્રભુના આશીર્વાદ વરસાવવાની તેમની નેમ હોય છે.

એટલે સાચો-કાયમી, શાશ્વત મુકામ તો પૂ.શ્રી‘મા’ માટે ‘પ્રભુનાં શ્રીચરણ’ અને ‘ભક્તનું પ્રેમીહૃદય’ જ રહે છે, હોય છે.

પરિણામે પૂ.શ્રી‘મા’ની કોઈપણ યાત્રા છેવટે તો આત્મા-પરમાત્માના અનુસંધાનની ઉજવણી માટે જ હોય છે.

તેથી ‘પ્રત્યેક દર્શનપર્વ’ ‘પરસ્પરદેવો ભવ’ તેમજ ‘પ્રીતિયોગમ્ પરસ્પરમ્’નું ઉજજવળ ઉદાહરણ બની રહે. પૂ.શ્રી‘મા’ની આ પ્રેમપત્રિકા પર્વના શુભારંભે ‘શ્રી ગણેશજીની સ્થાપના’ સમી મંગલમય બની રહે છે.



# ॥ શ્રીયોગેશ્વરકથામૃત ॥

### દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ–દિન ૧૧૪

### તા. ૧૦-૩-૮૩, બુધવાર, ફાગણ વદ અગિયારસ સં. ૨૦૩૯

### ડરબન શહેર

આજે અગિયારસ છે. પૂ.શ્રી દરરોજ જ માતાજીનું સ્મરણ તો કરે જ. પરંતુ અગિયારસે વિશેષ રીતે સ્મરણ કરે. એનું ખાસ કારણ એ કે માતાજીએ આ પૃથ્વી પરથી અગિયારસને દિવસે જ વિદાય લીધેલી.

સમયસર લેખન, જપ, વ્યાયામ, લેખન ચાલુ જ છે. વિવિધ ફળો કેરી, કેળાં, સફરજન, પેર, પીચીસ, તડબૂચ, તથા બાફેલાં શક્કરિયાં ને બાફેલી મગફળીમાંથી આજે પૂ.શ્રીએ ફક્ત એક કેળું ને દૂધ જ ફળાહારમાં લીધાં.

ડરબન ખાતેના પૂ.શ્રીના છેલ્લા કાર્યક્રમોની પ્રચાર-પત્રિકા

શ્રી સુરત હિન્દુ ઍસોસીએશન ★ શ્રી સંત પુનિત સેવા સંઘ, ડરબન

શ્રી મહાત્મા યોગેશ્વરજી અને શ્રી મા સર્વેશ્વરીના ગુજરાતી જનતા માટે ડરબન ખાતે છેલ્લા કાર્યક્રમો

તારીખ સમય સ્થળ વિશેષ નોંધ

૧૦-૩-૧૯૮૩ થી ૧૨-૩-૧૯૮૩ સાંજે ૭-૪૫ મિનિટે શ્રી ભારત હૉલ,
૧૩૭, પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન પ્રવચન★

૧૩-૩-૧૯૮૩ સવારે ૭-૩૦ થી સાંજે ૭-૩૦ શ્રી એસોસીએશન હૉલ
૧૨૭, વિક્ટોરીઆ સ્ટ્રીટ, ડરબન ધ્યાન શિબિર

૧૪-૩-૧૯૮૩ થી ૧૮-૩-૧૯૮૩ સાંજે ૭-૪૫ મિનિટે શ્રી ભારત હૉલ,

૧૩૭, પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન  પ્રવચન★

૧૯-૩-૧૯૮૩ સાંજે ૭-૪૫ મિનિટે શ્રી ભારત હૉલ,

૧૩૭, પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન  વિદાય સત્કાર સમારંભ

૧૦-૩-૧૯૮૩ થી ૧૯-૩-૧૯૮૩  સાંજે ૬-૪૫ થી ૭-૩૦ શ્રી સપ્તાહ મંદિર

૧૧૪, પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન  સમૂહ ધ્યાન-મનન

સર્વે શ્રદ્ધાળુ ભાઈબહેનોને આ અનુભવી-જ્ઞાની સંતના ઉપરોક્ત જ્ઞાન-પ્રકાશમય કાર્યક્રમમાં સમયસર પધારવા સ્નેહભર્યું નિમંત્રણ પાઠવે છે.

★ વિષય : ધ્યાન શિબિર સિવાયનાં પ્રવચનોમાં ખાસ કરીને નવરાત્રી, આદ્યશક્તિ, માતૃભક્તિ અને પ્રસંગોચિત રામાયણ, ભાગવત, નારદ ભક્તિસૂત્ર વગેરે. ભજનો અને ધૂનો : પૂજ્ય માતા સર્વેશ્વરી.

આજે બહાર વરસાદ હતો, તેથી પૂ.શ્રી બહાર આંટા મારતા નથી. વળી, આજે થોડી શરદીની પણ અસર છે.

આજે, આ ધરતી ઉપર કેટલાં પ્રવચનો થયાં તથા ક્યાં કેટલું રહ્યાં તેની ગણતરી હું સવારથી કરતી હતી, જેથી દૂધ પણ આઠને બદલે સાડા આઠે લાવવાનું બન્યું. ફળાહાર પણ છેક એક વાગ્યે લીધો.

પૂ.શ્રી મારી કાર્યપદ્ધતિ જોઈને કહેવા લાગ્યા : આજે તમને જોઈને સવારથી મને એકનાથ યાદ આવે છે. તેમને હિસાબી કામકાજ સોંપેલું. એક પૈસાની ભૂલ આવી તો આખી રાત હિસાબ કર્યો. તે જોઈને જનાર્દન સ્વામીએ કહ્યું કે, શું કરે છે?

તો એકનાથ કહે કે, હિસાબ નથી બેસતો તે હિસાબ કરું છું.

ત્યારે જનાર્દન સ્વામીએ કહ્યુંઃ અરે ! આટલો સમય પ્રભુસ્મરણમાં ગાળ્યો હોત તો પ્રભુ પ્રસન્ન થઈ જાત. એકનાથની નિષ્ઠા જોઈ જનાર્દન સ્વામીએ તેમને પ્રભુદર્શન કરાવ્યાં.

પૂ.શ્રીની વાત સાંભળી મને આનંદ થયો. પણ મૌન હતું.



એટલે મેં કશો જવાબ ન આપ્યો.

પૂ.શ્રી બપોરે આરામ કરે છે.

આજે શ્રી સપ્તાહ મંદિરમાં પોણા સાતથી આઠ વાગ્યા સુધી સમૂહધ્યાનનો જાહેર કાર્યક્રમ હતો. ત્યાં એ કાર્યક્રમનું સંચાલન પૂ.શ્રીએ કર્યું.

લગભગ સીત્તેર ભાઈબહેનોએ તેમાં ભાગ લીધો. પૂ.શ્રીએ અડધો કલાક સમજ આપી.

ભારત હૉલમાં સવા આઠથી સવા નવ રામાયણ ઉપર ગુજરાતીમાં પ્રવચન થયું.

શ્રી સપ્તાહ મંદિર અને ભારત હૉલ વચ્ચે પાંચ મિનિટનું જ અંતર છે. બન્ને સાથે એક જ રસ્તા ઉપર સામસામી દિશામાં આવેલાં છે.

પ્રવચન બાદ ભજન થયું.

તા. ૧૩-૩-૮૩ને દિને એક દિવસની ધ્યાન-સાધના શિબિર થશે તેની જાહેરાત પણ થઈ.

આવતા મંગળવારે યુનિવર્સિટીમાં અને તે જ રાત્રે ભારત હૉલમાં ‘યોગ’ ઉપર અંગ્રેજીમાં પ્રવચનો થશે. એ કાર્યક્રમો ગઈ કાલના કાર્યક્રમના અનુસંધાનમાં ગોઠવાયેલા છે.

ઉતારા ઉપર આવવામાં પંદરવીસ મિનિટ લાગે છે. ભારત હૉલથી રિઝર્વહીલ ૨૫ કિલોમીટર દૂર છે.

ઉતારા ઉપર આવી દરરોજની જેમ ઠંડું દૂધ ન પીતાં તુલસી, ફૂદીનો ને મરી નાખીને ગરમ દૂધ પીધું. તે દરમ્યાન થોડીવાર શ્રી રતિભાઈ સાથે વાતો કરી.

પછી આરામ.

હરિઃ ૐ

**—શ્રી ‘મા’ સર્વેશ્વરી**

# ॥ પ્રેમની સાધના : દર્શનપર્વ ॥

સાધકો સાધના કરી સિદ્ધ બને છે. સાધનામાં વ્રતો, ઉપવાસો, કઠોર તપ કરી પોતાના પરમ પ્રિયની પ્રાપ્તિ કરે છે. સમર્થ સંતો, આત્મદર્શી મહાપુરુષો પછી એમની સિદ્ધિઓને જનહિતાર્થે ખર્ચ કરે છે. લોક-કલ્યાણ માટે વાપરે છે.

પણ જેઓ 'પ્રેમાવતાર' હોય તેમનું શું ? પરમાત્માનો પરમ પવિત્ર પ્રેમ જ્યારે પૃથ્વીપટે માનવ દેહ ધારણ કરી અવતરે તો એમના દર્શન કેવાં હોય ? એ પ્રેમાવતાર, પ્રેમઉપનિષદનાં રોમે રોમમાંથી પ્રેમના પ્રચંડ પ્રવાહ ધસમસતા હોય છે. એમની નાનકડી કૃશકાયમાં પ્રેમનો અથાગ મહાસાગર હોય છે. એ મહાસાગરના કિનારે તો શીતળ મોજાં અનુભવાય ને શાતા મળે, તેના ગુણાનુવાદ ગાઈ લઈએ.

પૃથ્વીપટે પરમાત્માના પવિત્ર પ્રેમનું વિશુદ્ધ અવતરણ એટલે 'પૂજ્ય શ્રી 'મા' સર્વેશ્વરી'. શિષ્ય ગુરુભક્તિ કરે, પ્રાર્થના કરે, પોતાને પવિત્ર કરે ત્યારે તેના ગુરુ પ્રસન્ન બને. પણ એક માતા તો પોતે જ પોતાના દૂષિત, મેલા બાળકને ઊંચકી એને સ્વચ્છ કરે, નવરાવે, એના માટે ભોજનની નિત નવી વાનગીઓ બનાવે, એને કોળિયા ભરાવે, બાળકે કંઈ જ કરવાનું રહેતું નથી.

આમ પૂજ્ય 'મા' એક સમર્થ સદ્‌ગુરુની સાથે સાથે એક માતા છે, જગતજનની છે. બાળક ઘૂંટણિયાં પણ ના ભરી શકતું હોય પણ માતા એની પાસે દોડીને આવી જાય છે, તેમ હર વર્ષ નિયમિત પૂજ્ય 'મા' ૨૪-૩૬ કલાકનો શ્રમ વેઠીને પશ્ચિમની ધરતી પરનાં એમના બાળકોને લાડ લડાવવા આવી પહોંચતાં. વર્ષોનો એ ક્રમ કોવિડે ફરજિયાત બંધ કરાવ્યો. કોવિડ કાળમાં દરેક દેશ જાણે એક



જુદો જ ગ્રહ બની ગયો. જેમ આજે એક ગ્રહથી બીજા ગ્રહ જવાનું શક્ય નથી, એ રીતે કોવિડ કાળમાં એક દેશથી બીજે દેશ જવાનું અશક્ય બન્યું. ત્યારે પૂજ્ય 'મા' Zoom, Youtubeના માધ્યમ વડે વિશ્વભરનાં સૌ બાળકોને મળતાં રહ્યાં. ને છેવટે ૩.૫ વર્ષના લાંબા સમય બાદ, તારીખ ૩ જી એપ્રિલે ભારતની ભૂમિ છોડી, એમના બાળકોને તૃપ્ત કરવા, પધારે છે.

ભારતથી અમેરિકાની ૨૪ થી ૩૬ કલાકની લાંબી મુસાફરી નિર્જળા વ્રત સાથે સંપન્ન કરનારી આ માતાને માત્ર એમના બાળકોની તૃષાની કાળજી વધારે હતી. ૭૯ વર્ષના ચાર દશકથી નિર્જળાવ્રતી, ઉપવાસી, શ્રી તનુને મુસાફરીથી પડેલા પરિશ્રમથી વિશ્રામ આપવાને બદલે, વિદેશની ભૂમિ ઉપર પધાર્યાં ને તરત જ, શ્રી વિનોદભાઈના ઘરમંદિરે પહોંચતાં પહેલાં જ વિશ્વભરમાં સૌ કોઈને એક મેસેજ વોટ્સએપ (whatsapp)માં મોકલી આપે છે.

સૌ કોઈને જાણ થઈ ગઈ. હવે સૌ ખુશ છે, ઉલ્લસિત છે. પણ કોઈના મનમાં પૂજ્ય 'મા'ને મળવા દોડી જવાનો, દર્શન ક્યારે થશે ? એવો વિચાર નથી. પૂજ્ય 'મા' પધારી ગયાં ! હાશ થઈ ગઈ ! હવે તેઓ અઠવાડિયું આરામ કરી લે પછી દર્શન આપશે એવી પ્રતીક્ષામાં મન રાચવા લાગ્યું.

પણ આ પ્રેમની ધૂણી ધખાવીને જે બેઠાં છે, પ્રેમયજ્ઞમાં જે 'સ્વ'નું જ 'સમિધ' ચઢાવતા રહે છે, એ પરોપકારી 'મા'ના શબ્દ કોશમાં 'આરામ' શબ્દ જ ક્યાં છે ? તે જ દિવસથી આવીને તેમણે તો બાળકોને મળવાની તીવ્ર ઉત્કંઠા વહેતી કરી દીધી.

ભારતથી બપોરે ૪.૩૦ વાગ્યે જે અમેરિકા પહોંચે તે ઘરે પહોંચી સ્નાન કરી, જમીને ૭ વાગે તો ''આઉટ'' થઈ જાય. ઊંઘ

એવી ચઢે કે કોઈ વાતની સૂઝ ના પડે, વિચાર પણ લથડિયાં ખાય. પણ પૂજ્ય 'મા'ને પ્રેમ કરવાનો, લૂંટાઈ જવાનો એવો નશો છે, એવી ધૂન છે, કે પોતાના શ્રીતનુને વિશ્રામ આપવાના વિચારનો એમના મનમાં કોઈ અવકાશ જ નથી. આવ્યા એવાં જ સોમવાર ૩જી એપ્રિલની રાત્રે જ પૂજ્ય 'મા' એ લગભગ ૯.૩૦ થી ૧૦.૦૦ વાગ્યે દેવાંગભાઈને ફોન કરી સત્સંગ ગોઠવવા બદલ વિચારવિમર્શ કર્યો.

ન્યૂજર્સીનો એપ્રિલ મહિનાનો નિર્ધારિત સત્સંગ ૮ એપ્રિલે હતો, એનું સ્થળ બદલી મંગળવાર ૪ થી તારીખે પૂજ્ય 'મા'એ સત્સંગનું સ્થળ પાકું કર્યું. અને ન્યૂજર્સી, અને કેનેડાના યોગેશ્વર પરિવારને સંદેશો પાઠવ્યો. મંગળવારે રાતભર જાગી, આખા અમેરિકાના વિવિધ રાજ્યોનાં વિવિધ સ્વજનોને ફોન કરી એમને દર્શનપર્વ માટે નિમંત્રણ આપ્યું. ટેક્સાસ, કેલિફોર્નિયા, ફ્લોરીડાથી સ્વજનોને તેડી તેમને વહેલા આવી સત્સંગની તૈયારીમાં મદદરૂપ થવાની આજ્ઞા, સૂચના આપી.

તારીખ ૫ મી એપ્રિલ, બુધવારે પૂજ્ય 'મા'એ વિચાર્યું. ૩.૫ વર્ષે સૌ સ્વજનો પૂજ્ય 'મા'ને મળે છે તો શું ભેટ આપીશું ? પૂજ્ય 'મા' રચિત એક સુંદર પદ ''સતત સાથે રહ્યો, ભાર વહ્યો'' પ્રિન્ટ કરીને સૌને આપવાનો એક વિચાર પ્રસ્તુત થાય છે. સંન્યાસી છતાં વ્યવહારદક્ષ પૂજ્ય 'મા' કહે : ''એક ઘરનાં ચાર સ્વજનો આવે, તો એક મંદિરમાં ચાર પદ થઈ જાય. એના કરતાં દરેકથી થેલી તો વપરાય, એ પદની પ્રથમ ચાર પંક્તિ એક થેલી પર પ્રિન્ટ કરાવીએ, અને સાથે એ દિવસની તારીખ, એટલે સૌને યાદ રહે.''

આ વિચાર, આ શુભ સંકલ્પ પૂજ્ય 'મા'નો લઈ ઈન્ટરનેટના બજારમાં દોટ મૂકી. પણ કોઈ કહે અઠવાડિયું લાગશે ને કોઈ કહે



૧૫ દિવસ. પણ પૂજ્ય 'મા'નો સંકલ્પ હતો એટલે એ અશક્ય લાગતું કાર્ય પણ સંપન્ન થયું. એક કંપનીએ કહ્યું કે આજે સાંજે ૫.૦૦ પહેલાં ઑર્ડર આપો તો શક્ય બને, અને ૪.૫૯ વાગ્યે ઑર્ડર અપાઈ ગયો.

જેવું ઑર્ડર કન્ફર્મેશન આવ્યું કે એજ ઘડીએ પૂજ્ય 'મા'નો ફોન :

''તને ગભરામણ થાય છે ? શું થશે ? કેમનું થશે ? એવું લાગ્યા કરે છે ?''

પ્રણામ 'મા', Thank You Maa. આપ જ સઘળું કરી રહ્યાં છો.

પૂજ્ય 'મા' એ થેલીની ડિઝાઈન જોઈ કહ્યું બીજી બાજુ ૐ મૂકી શકાય.

પૂજ્ય 'મા'ને ગાર્ગીબેને વિનંતિ કરી, કે પૂજ્ય 'મા' જે ૐ પોતાની સિગ્નેચર તરીકે લખે છે, એ ૐ, પૂજ્ય 'મા'ના હસ્તાક્ષરમાં મળે ને એ જ થેલી પર બીજી બાજુ પ્રિન્ટ થાય તો કેવું સારું !

પૂજ્ય'મા' તો આપણા કહ્યાગરા ભગવાન ! ઈચ્છાપૂર્તિ કરનારા દયાવાન ! ગુરુવાર તા.છઠ્ઠી એપ્રિલે એમણે શ્રી ગાર્ગીબેનને ૐ તો સ્વ હસ્તાક્ષરે લખી જ આપ્યો, પણ સાથે સાથે 'ૐ ને ફરતે શ્રી યોગેશ્વર રક્ષમામ, દર્શનપર્વ ૨૦૨૩.' ને આ સર્વની ફરતે એક સૂર્ય પણ પસંદ કરી આપ્યો. અને માત્ર પૂજ્ય 'મા'ના સંકલ્પ ને આશીર્વાદથી એ લોગો થેલી પર પહોંચ્યો.

ગુરુવારે સાંજથી 'ૐ મા'ની સેવામંડળી સત્સંગસ્થળે એકઠી થવા લાગી. ગુરુવાર સાંજ સુધી આવનાર સત્સંગીઓનો આંકડો ૧૮૦ પર પહોંચી ગયો. આપણે હૉલ રાખવો જોઈએ, તો સૌની સગવડ સચવાઈ જાય એવો વિચાર આવ્યો. પૂજ્ય 'મા'ને સુઝાવ

પ્રસ્તુત થયો, પૂજ્ય 'મા'એ ગુરુવારે સાંજે ૭.૦૦ વાગ્યે એનો ઉકેલ આપ્યો : ''તમારા બહારના ડેક પર ટૅન્ટ(તંબુ) બંધાવી દો.'' પૂજ્ય'મા'ના જવાબ અથવા પરિસ્થિતિનો ઉકેલ એકદમ અનુપમ, કોઈને ખ્યાલ ના આવે એવો, અને અશક્ય લાગે તેવો હોય છે.

એક દિવસ પછીના પ્રોગ્રામ માટે એ તંબુ ભાડે મળવો એ ખરેખર અશક્ય હતું. (અહીં તંબુવાળાઓનાં બુકિંગ મહિનાઓ, વર્ષો પહેલાં થઈ જતા હોય છે. ૫ ભાડે ટૅન્ટ બાંધી આપવાવાળી કંપનીને ફોન થયા. પણ સાંજે ૭.૧૫ કોઈ ઑફિસ ખુલ્લી ના હોય,) મેસેજ મુકાયા. શ્રી કમલેશભાઈ અકોલિયાએ એક-બે ઓળખાણ કાઢી, આવતીકાલે સવારે, એટલે કે શુક્રવારે સવારે એ કંપની પાકું કરશે. એક દિવસમાં કોઈ છેલ્લી ઘડીએ આવીને ટૅન્ટ બાંધી આપે એ માત્ર પૂજ્ય 'મા'ની ઇચ્છા, સંકલ્પથી જ શક્ય થશે. 'જૈસી 'મા' કી મરજી' માની મનને શાંત રાખ્યું. અને શુક્રવાર તા.૭ એપ્રિલે એક ટૅન્ટ (તંબુ) બનાવનાર કંપની આવી, અને સાંજ સુધીમાં ડેક પર તંબુ બનાવી ગઈ ! ૭ એપ્રિલ સવારે ૧૦.૦૦ વાગ્યાથી જ પૂજ્ય 'મા'ની સેવાસેના હવે આખા ઘરના દરેક રૂમમાં કાર્યરત બની.

એકબાજુ અમેરિકામાં કૃપાપ્રસંગોની વણઝાર ચાલુ હતી, ત્યાં સરહદને પેલે પાર, કેનેડાના સત્સંગીઓને પણ અનેક કૃપાપ્રસંગ અનુભવાયા. ૬૦ એક લોકોએ એક સાથે સત્સંગમાં આવવાનું નક્કી કર્યું. લગભગ ૧૦ કલાકનો રસ્તો છે. ઘણાં વડીલો છે, એકલાં કઈ રીતે ડ્રાઈવ કરશે ? તે સૌએ એક મોટી બસમાં આવવાનું વિચાર્યું. ને તે માટે તેમને પણ ટૂંક સમયમાં બસ મળી ગઈ. સત્સંગસ્થળથી નજીક એક મોટેલ રહેવા માટે, વ્યાજબી દરે, મળી ગઈ. આમ પૂજ્ય'મા'ના સંકલ્પ ખુદ-બ-ખુદ અંતરીક્ષમાંથી પ્રગટીને ઠોસ આકાર લઈ રહ્યા.



પૂજ્ય 'મા' સૌ કોઈને ફોન દ્વારા મળી માર્ગદર્શન આપતા રહ્યાં. તંબુમાં વ્યવસ્થા કેવી છે ? હીટર ચાલે છે ? પ્રોજેક્ટર ચાલે છે ? પેનડ્રાઈવ ચાલે છે ? ટૅન્ટમાં પ્રોજેક્ટર કયાં મુકાશે ? 'મા'ની બેઠક ક્યાં મુકાશે ? સૌને વ્યવસ્થિત, પાછળ સુધી દેખાશે ? વડીલો માટે ખુરશીઓની વ્યવસ્થા છે ? જમવાનું ક્યાં કરશો ? વ્યવસ્થા થઈ ગઈ છે ? ઈત્યાદિ પ્રશ્નો પૂછતા રહ્યા ને તૈયારી કરાવતા રહ્યા. અમને શુક્રવારે સાંજે મંદિરે બોલાવ્યા, અને અમને આખા કાર્યક્રમની રૂપરેખા બતાવી, લખીને આપી ત્યારે પૂજ્ય 'મા' એ સ્વયં કેટલી બધી તૈયારી કરી છે એનાં પણ દર્શન થાય છે.

પૂજ્ય'મા'એ 'પાગલ ને પગલે' માટે 'સ્વર્ગારોહણ'માં જે કમળ આકારની છાબ તૈયાર કરી હતી, તે અહીં પણ કરી છે. 'પાગલ ના પગલે' પુસ્તક માટે બીજી વિશેષ છાબ, ફૂલવાડીનાં કેટલાં બાળકો આવવાના છે, અન્ય કેટલાં બાળકો આવવાના છે, પૂજ્ય 'મા'નાં પ્રથમવાર દર્શન કેટલા બાળકોને થવાના છે ? આ સર્વેની યાદી પૂજ્ય 'મા'એ તૈયાર કરી કરીને, પ્રત્યેક બાળક માટે વિશેષ, વિવિધ, એ બાળકના વય, અને શોખ પ્રમાણે ભેટ લીધી હતી, થેલીમાં તૈયાર કરી હતી. યાત્રાની બેનો માટે 'ગુરુમહિમા' પુસ્તક તેમનાં નામ લખીને યાદ રાખીને લઈ આવેલાં.

આમ કેટલી બધી ઝીણીઝીણી તૈયારી ! લગભગ ૨૦૦ માણસ હોય, ત્યાં આપણે તો બધું હોલસેલમાં કામ ચાલતું હોય, પણ પૂજ્ય 'મા' તો દરેક વ્યક્તિને એકલાં જ, વ્યક્તિગત મળવાના હોય એટલી કાળજી, એટલા પ્રેમથી આવનારની યાદી વાંચીને સૌને યાદ કરીને તૈયારી કરી રહ્યાં હતાં. અમુકના તો નામ આવનારની યાદીમાં ન હતાં. ને તેમ છતાં પૂજ્ય 'મા'

એમની ભેટ સાથે સુસજ્જ હતા, કે એ લોકો જણાવ્યા વગર આવ્યાં, અથવા તો સરપ્રાઈઝ આપી તો ? આમ જે પૂજ્ય 'મા'નાં દર્શને આવ્યાં, તો સૌને એવું લાગ્યું હશે કે અમે તો ચાર દિવસની શોર્ટ નોટિસમાં સત્સંગમાં જવા તૈયાર થઈ ગયાં, અમે તો પૂજ્ય 'મા' બોલાવે એટલે અમારા બધા પ્લાન કેન્સલ કરીને જતાં જ રહીએ. પણ જે સત્સંગમાં બોલાવે છે, એ સત્સંગમાં આપણા બેસવાની, જમવાની, પ્રસાદ આપવાની, આપણને સહીસલામત પહોંચાડવાની, અને પ્રત્યેકને પ્રેમથી યાદ કરી કરીને એમની અનુકૂળતા સાચવવાની જહેમત રાત અને દિવસ જાગી જાગીને, ઉપવાસી, શ્રમિત શ્રીતનુએ કર્યે જ જાય છે. અને આપણને એનો ખ્યાલ પણ આવવા દેતાં નથી. આપણી ગ્રહણ કરવાની પાત્રતા, તરસ કરતાં વધારે એમને આપવાની આતુરતા અને આનંદ છે. પૂજ્ય 'મા' એ સંનિધિયાત્રામાં અલમોડામાં કહ્યું હતું : "બાળકને જાણ પણ નથી કે આ પૃથ્વી પરનું અમૃત છે, ને છતાં માતા એને પયપાન કરાવે છે." આમ પૂજ્ય 'મા' તેમનાં પસંદગી પામેલાં બાળકોને દર્શન આપવા ભારતથી આવીને તરત જેટલેગ, શ્રમ, ઊંઘ, આહારની પરવા વગર, જેમ એક ભક્ત, સાધક કે પરમના માર્ગનો પ્રવાસી તેના ભગવાનને પ્રસન્ન કરવા ઊંઘ, આહાર, આરામનો ત્યાગ કરીને તપશ્ચર્યા, સાધના કરે, તેવું આકરું તપ, તેવી કઠિન સાધના પૂજ્ય 'મા' પ્રેમવશ થઈને તેમનાં બાળકો માટે કરે છે.

ભગવાન માટે જે તપે, તેનો પણ ભલે ઉચ્ચતમ છતાં એક સ્વાર્થ તો હોય છે. ભગવાનને મેળવવાનો ! પણ જે બાળકોને ભાન-જ્ઞાન પણ નથી કે એમને શું મળી રહ્યું છે એવા બાળકો માટે પરમાત્માસ્વરૂપ પૂજ્ય 'મા' તપે ! આ તે કેવું તપ ? આ કેવી



સાધના છે ? ને આ સાધનાની ફલશ્રુતિ શું છે ? એમાં પૂજ્ય 'મા'ને શું મળવાનું છે ? એનાં બાળકોનું કલ્યાણ, એનાં બાળકોનો આનંદ, બાળકોનું ઉત્થાન એ જ પૂજ્ય 'મા'નો સ્વાર્થ છે. આ તે કેવો સ્વાર્થ છે ! નથી એમને ફંડફાળા ઉઘરાવવા, નથી મંદિરો, આશ્રમો બંધાવવા, નથી પધરામણીના કવર સ્વીકારવા...તો માત્ર આપવા માટે જ આટલી જહેમત ?

સંસારી જીવોના મનમાં આ ગણિત બંધબેસતું જ નથી. ને એટલે જ ગુરુવાર તારીખ છઠ્ઠી એપ્રિલે પૂજ્ય 'મા' એ એવો ખાસ મેસેજ પણ મૂકાવેલો કે "સૌ પધારો, દર્શન પામો, સત્સંગ પામો, પ્રસાદ અને મહાપ્રસાદ પામો. પરંતુ યાદ રહે, પૂજ્ય 'મા' માટે માત્ર અને માત્ર તમારો પવિત્ર પ્રેમ અને ભક્તિ લાવજો. 'મા' માટે કોઈ વસ્તુ કે પદાર્થ ભેટમાં લાવશો નહિ, 'મા' પાસે બધું જ છે. ગુરુઆજ્ઞાનું પાલન સૌ પ્રેમથી કરજો."

અને આમ કરતાં કરતાં એપ્રિલ ૮નો સોનેરી સૂરજ ઊગ્યો. પૂજ્ય 'મા' સવારથી જ સૌને ફોનથી મળતા રહ્યા. કૅનેડાની બસ કેટલે છે ?

ઘરે તૈયારી કેટલે છે, અમેરિકાનાં ઘણાં ભક્તો, જેમણે જાણ્યું હતું કે પૂજ્ય'મા'નાં દર્શન મળવાના છે. તેઓએ પૂજ્ય'મા'ને વિનંતિ કરી હતી કે પૂજ્ય'મા'નાં zoom વડે દર્શન થાય, પૂજ્ય 'મા' એ પ્રાર્થના સાંભળી હતી, મંજૂરી આપી ન હતી. પૂજ્ય 'મા'ની ટેક્નિકલ બાળકોની ટીમે તૈયારી કરી રાખી. શનિવારે સવારે પૂજ્ય'મા'ને કહ્યું, 'મા' આપણી તૈયારી છે, જો પૂજ્ય 'મા' કહે તો zoom ની link મોકલી દઈએ. પૂજ્ય 'મા' એવાં દયાળુ છે. વિશ્વનો ભાર વહન કરનારી જગતજનની, સર્વસમર્થ, દાનવોનો સંહાર કરનારી મહિષાસુરમર્દિની માત્ર ને માત્ર એના કોઈ એક પણ બાળકને નિરાશ

કરવા માટે સાવ અસમર્થ છે, એટલે આટલાં બધાં બાળકોને તો એ નિરાશ કેવી રીતે કરી શકે ? જેને મન સૌ બાળકો સરખાં, એ માત્ર ભૌગોલિક દૂરી માટે, અમુક બાળકોને અન્યાય કેવી રીતે કરી શકે ? એટલે ૮ એપ્રિલ, શનિવાર સવારે પૂજ્ય 'મા' એ સૌની પ્રાર્થનાને માન્ય રાખતાં વિશ્વભરમાં એ zoom darshan link મોકલવાની આજ્ઞા કરી. પૂજ્ય 'મા' વિદેશની ધરતી ઉપર 'પાગલને પગલે', 'લીલામૃત', 'હરિ ભણી હરણફાળ' એવી કંઈક કેટલાય વીડિયોનાં દર્શન પ્રથમવાર કરાવવાનાં હતાં. એટલે ટેક્નિકલ ટીમને ખાસ સૂચન કર્યું કે જે અહીં બેઠેલાને દેખાય, એજ વીડિયોદર્શન સૌને zoom પર થવું જોઈએ. સૌને સ્પષ્ટ દર્શન થવું જોઈએ. આમ દશે દિશામાં દર્શનપર્વની લિંક મોકલાઈ.

પૂજ્ય 'મા' ભાઈશ્રી સમીતની કારમાં ૨.૦૦ વાગ્યે શ્રી વિનોદભાઈના ઘર-મંદિરથી પ્રસ્થાન કરે છે. રસ્તો ૧.૩૦ કલાકનો છે. જેણે સતત ચાર મહિનાથી આરામ ના કર્યો હોય, તેને ૧.૩૦ કલાકનો વિશ્રામ વહાલો લાગે છે પૂજ્ય 'મા' ધારત તો એ ૧.૩૦ કલાકમાં આરામ લઈ શક્યાં હોત. આગલા દિવસે પણ પૂજ્ય 'મા'ને વિનંતિ થઈ હતી કે 'મા' સવારે વહેલાં પધારે અને આવીને થોડો આરામ કરે. એટલે ૧.૩૦ કલાકના ડ્રાઈવ પછી થોડી વિશ્રાંતિ લઈને, પછી બેઠકમાં પૂજ્ય 'મા' પધારે. ગાડીમાંથી સીધા બેઠકમાં પૂજ્ય 'મા'ને ના આવવું પડે. પણ પૂજ્ય 'મા' એ જવાબ ના આપ્યો. પૂજ્ય 'મા' ગાડીમાંથી ભારત, અમેરિકા, કૅનેડા સૌને ફોન કરીને પૂછતાં રહ્યાં. zoom link મળી ગઈ ? કેટલા વાગ્યે છે એ એમને સમજાવતા ગયા. પછી કૅનેડાની બસ કેટલે પહોંચી એ માટે ફોન કરતાં રહ્યાં. જે કારમાં આવવાના હતાં, તે સૌ ન્યૂજર્સીના સત્સંગી પરિવારમાંથઈ કોણ પહોંચ્યું, કેટલે પહોંચ્યાના અહેવાલ સતત લેવા લાગ્યા. કૅનેડાની બસ લગભગ ૨.૫૫ વાગ્યે આવી



પહોંચી. પૂજ્ય 'મા' જ્યાં હતા, તે પ્રમાણે ૩.૦૫ સુધીમાં આવી શક્યા હોત. પણ પૂજ્ય 'મા' કહે કૅનેડાના સત્સંગીઓને ફ્રેશ થવા ૧૦ જ મિનિટ મળશે, ન્યૂજર્સીના સૌ સ્વજન આવી ગયાં ? આમ પૂજ્ય 'મા' સ્વયં એ વાતનું ધ્યાન રાખતાં હતાં કે કોઈ ભક્તો પૂજ્ય 'મા'નું સ્વાગત કરવાનો લહાવો ના ચૂકી જાય. એ માટે તેઓ પોતે રસ્તા ઉપર ગાડી ધીમી કરાવે, પછી ઘરનો વિસ્તાર ઓળંગી એક બુદ્ધની પ્રતિમા છે, ત્યાં જઈ આવ્યાં કે જેથી કરીને સૌ સ્વાગત માટે સુસજ્જ બની શકે. વાદળીને કદી ચાતકની પ્રતીક્ષામાં જોઈ છે ? કે ચાતક આવે ને પછી જ હું વર્ષુ !

પૂજ્ય 'મા' ઘરથી છેક ત્રણ ઘર દૂર આવી ગયાં, ત્યાં એક સત્સંગીની ગાડી તેમની પાછળ આવી, તો પૂજ્ય 'મા' એ પોતાની ગાડી બાજુમાં લઈ. એમને આગળ જવા દીધાં. આ રીતે સૌને સ્વાગતનો અનુભવ આપવા, સ્વાગત કરવાનો મોકો આપવા પૂજ્ય 'મા' પોતાનો જ પ્રવાસ લંબાવતાં રહ્યાં. છેવટે ન્યૂજર્સીના ઘરઆંગણે પૂજ્ય 'મા' પધાર્યાં, સૌએ આરતી ગરબા, ધૂન, સંકીર્તનસહિત સ્વાગત કર્યુ. હવામાન ઠંડું હતું, ને છતાંય પૂજ્ય 'મા' એ ગાડીનો કાચ ઉઘાડો રાખી, સૌને દર્શન ધર્યું અને સૌ પર કૃપાદ્રષ્ટિ પ્રસારી. આરતી, ગરબા ઝીલતાં પૂજ્ય 'મા' ગૃહમાં પ્રવેશ્યાં. શાંતિથી પૂજ્ય પ્રભુને બિરાજમાન કરી, સ્વયં બિરાજમાન થયાં. પૂજ્ય 'મા'ના રૂમથી પૂજ્ય 'મા'ને બાળકો બે હરોળમાં ઊભાં રહી, તંબુમાં મૂકાયેલી બેઠક સુધી લઈ જશે એવું નક્કી હતું. પૂજ્ય 'મા' ૨ કલાકની મુસાફરી પછી ના ફ્રેશ થયાં. ને માત્ર બે ફૂલવાડીનાં બાળકો, જે હજી પહોંચ્યાં ન હતાં, તેમની રાહ જોવા લાગ્યાં. ૨-૩ મિનિટમાં એ બે બાળકો આવી ગયાં. જેવાં એ બે બાળકો આવી ફૂલવાડીની બે હરોળમાં જોડાયાં, કે પૂજ્ય 'મા' પૂજ્ય પ્રભુ સાથે ટૅન્ટમાં (તંબુમાં) જવા પ્રસ્થાન કરે છે.

પૂજ્ય 'મા' તંબુમાં પધાર્યાં. જે તરફ બેઠક છે, તેનાથી વિપરીત દિશામાં વડીલોની ખુરશીઓ હતી. પૂજ્ય 'મા' ઠેઠ પાછળ સુધી ચાલીને પહોંચી ગયાં, સૌ વડીલો ઉત્સાહ, ઉમંગથી આનંદનો નાદ કરવા લાગ્યાં. પૂજ્ય 'મા' પાછળ જઈને વડીલોને દર્શન આપી આવ્યાં. ત્યારબાદ આગળ બેઠક પર બિરાજમાન થયાં છે. આમ પ્રત્યેકને પોતાનો પ્રત્યક્ષ લાભ આપવા પૂજ્ય 'મા' તત્પર અને તૈયાર છે. શ્રી ઉમેશભાઈની મંડળીના સુંદર સંકીર્તન સાથે પૂજ્ય 'મા'નું આવાહન ટૅન્ટમાં થયું.

સત્સંગનો ક્રમ પૂજ્ય 'મા' એ નક્કી કરી, દેવાંગભાઈને લખીને આપેલો. તેમાં સૌ પ્રથમ ફૂલવાડીનાં બાળકોને તેમની ૨૦૧૬ની યાત્રાનાં સંસ્મરણોનાં દર્શન કરાવ્યાં, ત્યારબાદ 'પાગલ ના પગલે'ની છાબ સંકીર્તન સાથે પૂજ્ય 'મા' પાસે દશરથયાત્રાના સહયાત્રી શ્રી રાજુભાઈ તથા શ્રી દક્ષેશભાઈ લાવે છે. અને 'પાગલ ના પગલે'ની એ ઐતિહાસિક યાત્રા, એ સમર્પણના મહાકાવ્યની પ્રથમ ઝલક વિદેશની ધરતી પર, સૌને એક સાથે મળે છે. 'પાગલને પગલે'ની ભક્તિની ભાગીરથી, પ્રેમની ગંગાનું અવતરણ પશ્ચિમની ધરતી ઉપર પૂજ્ય 'મા'એ કર્યું. તેના દર્શનથી શ્રોતાઓ, ભક્તો ભાવ-વિભોર બન્યા, ને સોનામાં સુગંધ ભળે તેમ, શ્રી રાજુભાઈ અને શ્રી દક્ષેશભાઈએ એ યાત્રાનાં સુંદર સ્મરણો વાગોળ્યાં, અને એ ઈતિહાસના સાક્ષીઓ પાસેથી સૌને વિગતો જાણવા મળી. એ વિગતોથી જાણે પૂજ્ય 'મા'નાં ગુરુભક્તિ, ગુરુસમર્પણ, પ્રેમ, સાહસ, હિંમત, ખુમારી, ફના થઈ જવાની સૂફિયત, તિતિક્ષા, ધ્યેયપ્રાપ્તિની લગન આવા વિવિધ પાસાંઓથી અથવા મસ્તકોથી સુશોભિત પૂજ્ય 'મા'નું એક વિરાટ સ્વરૂપ ઊપસ્યું. પણ આ યુનિવર્સલ મધરને એક જ વાનગીથી એના બાળકોનું ઉદર ભરણ કરવાનું ન હતું. આ પૂજ્ય 'મા' તો એના



બાળકો માટે છપ્પનભોગ તૈયારી કરીને લાવી હતી એટલે એક પછી એક પૂજ્ય 'મા' પીરસતાં ગયાં, ને એના લાડલા આરોગતાં ગયાં, પૂજ્ય 'મા' એ દશરથયાત્રાના મહા ઐતિહાસિક પુરાણનું પારાયણ બંધ રખાવ્યું અને પછી 'હરિ ભણી હરણ ફાળ'નાં દર્શન કરાવી, પૂજ્ય 'મા' અર્વાચીન કાળમાં પણ કેવો ઈતિહાસ રચી રહ્યા છે એની ઝાંખી સૌને કરાવી. ૮૦ વર્ષની આ શ્રીતનુની ઉંમરે, પૂજ્ય 'મા' નિત નવી નવી પ્રવૃત્તિ શીખી રહ્યા છે, કરી રહ્યાં છે. ઘડપણને કેવી માત આપતાં દોડી રહ્યા છે એની વીડિયો પૂજ્ય 'મા'એ બતાવી છે.

સત્સંગ શરૂ થયાને હવે લગભગ ચાર કલાક થયા છે. પૂજ્ય 'મા' પોતે જ ઘડિયાળના કાંટાઓ પર નજર રાખી રહ્યાં છે. હવે એનાં બાળકો ભૂખ્યા થયાં હશે, એમના ભોજનની વ્યવસ્થાની ચિંતા પૂજ્ય 'મા'ને થવા લાગી છે. તેઓ સ્વયં તો આત્માની પરિતૃપ્તિ માટે વાનગીઓ લાવ્યાં છે,પણ જઠરાગ્નિની પરિતૃપ્તિનો પણ એ જ વિચાર કરે છે. અમને કહે : "'મા' જતાં રહે ? (તંબુમાંથી) ? એટલે આ ટૅન્ટમાં ભોજનની તૈયારી થાય ? આમ આધ્યાત્મિક અન્નકૂટ અને ભૌતિક ભોજન-શું પીરસી દઉં મારા લાડલાઓને કયા અને કેટલા કોળિયા ભરાવી દઉં, એવી મીઠી દુવિધા પૂજ્ય 'મા'ની હતી."

ત્યારબાદ પૂજ્ય 'મા' ફેબ્રુઆરીમાં થયેલી બેનોની સંનિધિયાત્રા વાગોળે છે, બેનોને બોલવા ઊભા કરે છે ને એ યાત્રામાં લખાયેલા પદ ગવડાવે છે.

પછી પૂજ્ય 'મા' એ નક્કી કરી લીધું કે છેલ્લી એક જ વાનગી બાકી છે-લીલામૃતની, આમ કહી વિદેશમાં પ્રથમવાર 'લીલામૃત' ભાગ-૧ પ્રસ્તુત કરવામાં આવ્યું. એ આખા 'લીલામૃત'નાં દરેક સેકન્ડે

જે દૃશ્યો પરદા પર દેખાય, તેને વિકસાવવામાં, તેના સર્જનમાં, પરદાના ખૂણે ખૂણે પૂજ્ય 'મા'એ સ્વયં જીવ રેડ્યો છે. એ કૃતિને પૂજ્ય 'મા' એ ખૂનપસીનાથી સીંચી છે. 'લીલામૃત'નો જેમ દરેક અક્ષર પૂજ્ય 'મા' એ લખ્યો છે, એમ આ 'લીલામૃત'ના એનિમેશનનું પણ એવું જ છે.

પૂજ્ય'મા'ને આ સૌ વાનગીઓનો થાળ પીરસવાનો આનંદ છે, જેમ સ્વાદિષ્ટ ભોજન બાળકોને જમાડી માતાને જ તૃપ્તિ મળે, એવી આ જગતજનનીની અવસ્થા છે. છેલ્લાં થોડા વર્ષોમાં અને આગળ ઉપર પણ જેટલું સાહિત્ય વીડિયોમાં પ્રસ્તુત થયું છે, તેના કૅમેરામેન, ઍડિટરોની ભલે ટીમ હોય, પણ એના નિર્માતા, નિર્દેશક, સ્ક્રીનપ્લે, ઍડવાઈઝર બધું જ પૂજ્ય 'મા' જ છે. પૂજ્ય 'મા'ની ઝીણવટભરી દોરવણી હેઠળ આ કૃતિ પરદા સુધી પહોંચે છે. એટલે એ આપણે મન પૂજ્ય 'મા' પ્રભુની પદ્યરચના, કે શ્રી હરિની શબ્દયાત્રા જેવા સાહિત્ય જેટલું જ માહાત્મ્ય રાખે છે. જેમ વિવિધ artist કે કલાકાર પોત-પોતાના વિવિધ માધ્યમ દ્વારા તેમની કલા પ્રદર્શિત કરે, જેમકે ચિત્રકામ, શિલ્પકામ, તેમ પૂજ્ય 'મા' એવા એક નિપુણ કલાકાર છે, જે દુનિયાના કોઈપણ માધ્યમ વડે પોતાનાં વિવિધ બાળકોને રુચે એવી વિવિધ કલાકૃતિઓ વડે ગુરુપ્રેમ, ગુરુસમર્પણ અને ગુરુભક્તિની અદ્ભુત રચનાઓ રચી પીરસે છે.

આમ જનહિતાર્થે લેખન, કવિતા, પ્રવચન તો પૂજ્ય મા-પ્રભુનાં માધ્યમ સદાકાળ હતા પણ હવે નવા જમાના સાથે પૂજ્ય 'મા' એ ટૅકનોલોજીને અપનાવી; CD, DVD, પેનડ્રાઈવ વીડિયો, એનીમેશન-આ સર્વ માધ્યમ અપનાવી એની ઉપર પોતાનો સમય ખર્ચી લોકસંગ્રહાર્થે ભાથું તૈયાર કરી રહ્યાં છે. ને એ સર્વે વિવિધ વીડિયોનો દર્શનથાળ પૂજ્ય 'મા'એ ૩.૫ વર્ષથી ભૂખ્યા એમનાં



બાળકોને પીરસ્યો.

પણ હવે પાંચ કલાકે પૂજ્ય 'મા'ને એનાં ૧૮૨ બાળકોને ભોજન જમાડવાની કાળજી થવા લાગી. પૂજ્ય 'મા' ટૅન્ટમાંથી જાય પછી એ જ ટૅન્ટમાં જમણવારનાં ટેબલખુરશી ગોઠવવાનાં હતાં. અને પૂજ્ય 'મા' એ દરેક ભક્તને પ્રસાદ પણ આપવાનો હતો એટલે પૂજ્ય 'મા' એ સુઝાડ્યું કે પ્રત્યેક જણ હરોળમાં આગળ આવે, પૂજ્ય 'મા' પાસે જે પ્રસાદ મુકાવ્યા છે તેમાંથી પ્રસાદ લઈ લે.

પૂજ્ય 'મા' કહે : ત્રણ દિવાળીની શ્રી લક્ષ્મીનો પ્રસાદ બાકી છે.

પૂજ્ય 'મા' દરેક બાળક માટે શ્રી લક્ષ્મીનો પ્રસાદ લાવ્યા છે. પૂજ્ય 'મા' એ પ્રત્યેક ને ૨૧ ડૉલર આપવાનું નક્કી કર્યું. સંસારના વ્યવહારમાં જ્યારે આપણે ૨૧, ૫૧ ડૉલર કે રૂપિયા આપીએ, તો આપણે બહાર મોટી નોટ અને અંદર ૧$ કે ૧ રૂપિયાને વાળીને આપીએ. જેથી લેનારાને અને ચાર જોનારાઓને ખબર પડે કે કેટલા અપાયા. પણ પૂજ્ય 'મા' પ્રેમથી આપે છે. દેખાડવા ખાતર નહીં જ, પૂજ્ય 'મા' એ ૧ ડૉલરની નોટની અંદર ૨૦ ડૉલર વાળીને આપી. સૌને લેતાં એવું જ લાગે કે પૂજ્ય 'મા' પાસેથી ૧ ડૉલર મળ્યો. જો ખોલીને જુએ તો જ અને ત્યારે જ ખબર પડે કે ૨૧ ગણી પ્રસાદી પામ્યા છે !

શ્રી લક્ષ્મીજીના પ્રસાદની આ લીલા, પૂજ્ય 'મા'ની આપણા જીવનમાં વરસતી કૃપાનું જ સ્થૂળ દર્શન છે ને. પૂજ્ય 'મા' ૧ ડૉલરના બીડામાં જેમ ૨૦ વાળીને આપી દે છે, તેમ આપણને જે દેખાય છે, જે સમજાય છે તેનાથી અનેકઘણી કૃપા આપણા ઉપર વરસતી રહેતી હોય છે, પણ આપણને તેનો અહેસાસ નથી હોતો. આમ પૂજ્ય 'મા' એ શ્રી લક્ષ્મીજીના પ્રસાદ સાથે સૌને ટૅન્ટમાંથી વિદાય આપી.

દરેક જણ એક હરોળમાં ઊભાં રહી પૂજ્ય 'મા' પાસે વારાફરતી આવે, પૂજ્ય 'મા'ને ઊભાં ઊભાં જ પ્રણામ કરી, પ્રસાદ લઈ વિદાય થાય, પણ પૂજ્ય 'મા'ની એક સૂચના હતી. કોઈ પણ પૂજ્ય 'મા' પાસે સન્મુખ આવીને પ્રણામ ના કરે. અરે ! પૂજ્ય 'મા' સન્મુખ પ્રત્યક્ષ બેઠાં છે, ને આપણે ૩.૫ વર્ષે પૂજ્ય 'મા'ની સમક્ષ પહોંચીએ અને પ્રણામ ના કરીએ ? એવું કેમ ? એવું શા માટે ? એવું કઈ રીતે બની જ શકે ? જાહેરાતો થતી રહી, પણ ઘણાથી પ્રણામ ભૂલથી પણ થઈ જતા હતા. ને જો કોઈ પ્રણામ કરે તો પૂજ્ય 'મા'ની મુખમુદ્રામાં ખિન્નતાની રેખાઓ પ્રસરી વળતી. અરે ! આ તે કેવી વાત ? બાળક પ્રણામ કરે તો એના પ્રણામ સ્વીકારવાને બદલે આ કરુણામયી પ્રેમેશ્વરી જગતજનની ખિન્ન બને છે ?

પણ પૂજ્ય 'મા'ની કેટલી સૂક્ષ્મ ગણતરી હોય છે, એ આપણને સમજાતી નથી. કોઈ પણ એક માણસ પ્રણામ કરીને ઊઠે તેમાં સહજ ૫ સૅકન્ડ વ્યક્તિ દીઠ જાય. જો ૧૮૨ લોકો ૫ સૅકન્ડે એક પ્રણામ કરે તો ૧૮૨*૫=910 સૅકન્ડ=15 મિનિટ પ્રસાદ-વિતરણમાં વધારે જાય. તો 15 મિનિટ ભોજનમાં બેસવાનું સૌને મોડું થાય ! એટલે પૂજ્ય 'મા' એ જાહેરાત કરાવી કે કોઈ પ્રણામ ના કરે, એટલે સૌ વહેલામાં વહેલી તકે ભોજન લેવા બેસી શકે. કોઈનાથી ભૂલમાં, આદતવશ પ્રણામ થઈ જાય ''તો મારાં બાળકોને હવે ભોજન ૫ સેકન્ડ મોડું મળશે.'' એ વિચારથી પૂજ્ય 'મા'ના જાણે જીવ પર ઝરોળો પડતો, ને એ ઝરોળાની વેદના એમના મુખારવિંદ પર ખિન્નતાની રેખા બની પસરતી. આ એ જ 'મા' છે, જે બાળકોના ભોજનમાં ૫ સૅકન્ડનો વિલંબ નથી સહી શકતા, જે 'મા'ના નિર્જળા પૂર્ણ કરવાના સમયને ૨૪ કલાકની ઉપર ૩ કલાક વીતી ચૂક્યા છે.



સૌને પ્રસાદ આપી પૂજ્ય 'મા' રૂમમાં પધારે છે. હવે પૂજ્ય 'મા' આરામ કરશે ? લાંબા થઈને થોડીવાર આરામ કરશે કે સૂઈ જશે ? ના, રૂમમાં જઈને જેમને જેમને મળવાનું હતું. પૂજ્ય 'મા'નાં પ્રથમવાર દર્શન કરનારી બે બાળકીઓને, કોઈના માટે ભારતથી લાવેલાં પાર્સલ પહોંચાડવાનાં હતાં, ફૂલવાડીનાં બાળકોના જન્મદિનની શુભેચ્છા આપવાની હતી. વિશેષ પ્રાર્થના અને મેસેજ જે ત્રણ બાળકોએ કર્યા તે બાળકોને વિશેષ પ્રસાદ આપવાનો હતો, કૅનેડાના સત્સંગના સૂત્રધાર શ્રી વિકાસભાઈને પૂજ્ય 'મા' એ વિવિધ કાર્યો વિશે સૂચનાઓ ધરી, ત્યારબાદ નવા પાડોશી સ્વજન છે, જેમણે આ સત્સંગના ભોજન અંગે મદદ કરી તે જાણી પૂજ્ય 'મા' કહે, ''એમને તો મળવું જ પડે.'' પૂજ્ય 'મા' એમની મદદની સામે એમને પ્રેમ અને પ્રસાદથી ભરી દે છે.

આમ પૂજ્ય 'મા' શ્રી ગંગાજીની જેમ કંઈ કેટલાય જીવોને શાતા આપતાં આપતાં, સતત કાર્યરત, સતત વહેતાં રહ્યાં. એક મિનિટનો પણ આરામ કે વિશ્રામ કર્યા વગર રાત્રે ૧.૦૫ વાગ્યે ફરી શ્રી વિનોદભાઈના ઘરમંદિરે પ્રસ્થાન કરવા ઊભાં થયાં. પૂજ્ય 'મા' ગાડીમાં વિદાય થયાં ત્યારે ઘરનાં સભ્યો અને જે મળવા માટે ઘરે રોકાયેલા એવા ન્યૂજર્સી ટેક્સાસ, કેલિફોર્નિયાના સત્સંગીઓ જ રહેલા. પૂજ્ય'મા'ની ગાડી નીકળી ને 'મા' ફરી પાછાં આવ્યાં, ને જે સત્સંગી ભાઈબહેનો એ મદદ કરી તેમને ધન્યવાદ કહેવા આવ્યાં, ને કહ્યું, ''તમારી સેવાની ઈશ્વરે નોંધ લીધી છે.' અને પછી ૧.૩૦ વાગે પૂજ્ય 'મા' વિદાય થયાં.

એટલે પૂજ્ય 'મા' ૨.૦૦ વાગ્યાથી ૪.૦૦ વાગ્યા સુધી ગાડીમાં પલાંઠી વાળી, ૪.૦૦ થી ૧૦.૦૦ બેઠકમાં પલાંઠી વાળી, ૧૦ થી ૧ રૂમમાં પલાંઠી વાળીને રાત્રે ૧.૦૦ થી લગભગ ૨.૩૦

વાગ્યા સુધી ફરી ગાડીમાં બિરાજમાન થઈ શ્રી વિનોદભાઈના ગૃહમંદિરે પહોંચ્યાં. આમ સત્સંગ અંગેની પૂજ્ય 'મા'ની ૧૨.૩૦ કલાકની સાધના થઈ ! પૂજ્ય 'મા' એ આ ૧૨ કલાકમાં પાણીનું ટીપું પણ ગ્રહણ ન હતું કર્યું. તારીખ ૯ એપ્રિલ સવારે ૨.૦૦ વાગ્યે પૂજ્ય 'મા' મંદિરે પહોંચ્યાં, ને સ્નાન કરીને સવારે ૪.૦૦ વાગે પૂજ્ય 'મા' એ ૩૨ કલાકે નિર્જળાનાં પારણાં કર્યાં. એટલે આ સત્સંગ અંગે પૂજ્ય 'મા' એ ૩૨ કલાકના નિર્જળા, ને ૧૨ કલાકનો પ્રત્યક્ષ સમય અર્પણ કર્યો.

પૂજ્ય 'મા' ૩.૫ વર્ષે ભારતથી વિદેશ આવ્યા, ને ૪.૫ દિવસમાં આવો ભવ્ય સત્સંગ દર્શનપર્વ ઉજવ્યો. રાત-રાતના ઉજાગરા, કોઈ વિશ્રામ નહિ, સાથે નિર્જળા, નિયમિત નિયમ, આમ પૂજ્ય 'મા'ની સાધના દ્વિમુખી છે. એક ગુરુને પ્રસન્ન કરવાની, આદર્શ શિષ્ય બનવાની અને બીજી સાધના છે બાળકો પર, જીવ માત્ર પર પ્રેમ લૂંટાવવાની. પોતાની સમસ્તીનું સમિધ અર્પણ કરી જીવનયજ્ઞ વડે પ્રકાશ, સૌરભ અને શાંતિ ધરવાની.

પૂજ્ય'મા'ની આ અકળ લીલાને આપણા સૌના પ્રણામ ! પૂજ્ય 'મા'ના આ પ્રેમસ્વરૂપને આપણા પ્રણામ. પૂજ્ય 'મા'ની આ દ્વિમુખી સાધનાને આપણા પ્રણામ. હે મા ! અમારા પર કરાતી તમારી મહેનત, તમારી જહેમતનો અમે રંગ રાખીએ, તમને ગમે એવા અમે બની શકીએ એવી પ્રભુને પ્રાર્થના.

Thank you Maa, For everything forever. હે 'મા' તમારી અસીમ કૃપાને પાત્ર અમને બનાવજો. તમારા આપેલા આદર્શો અમે જીવનમાં ઉતારીએ એવી કૃપા કરજો.

**–ડૉ. અર્પિતા જોશી**



# ॥ પૂ. 'મા'ની દર્શનયાત્રાની અલૌકિક યોજના ॥

એપ્રિલ ૪ ની સવારે ફોનની ઘંટડી વાગી, પૂજ્ય 'મા'નો અવાજ સાંભળીને, અમે આનંદવિભોર થઈ ગયા. પૂજ્ય 'મા' કહે છે કે અમે ગઈકાલે જ આવ્યા છીએ, અને આ શનિવારે સત્સંગ રાખ્યો છે. અમે તો ખુશ ખુશ થઈ ગયા, આટલાં જલ્દી પૂજ્ય 'મા' ભારત થી પરદેશ આવશે એવો ખ્યાલ નહોતો. થોડીક વાતચીત થયા પછી ફોન મૂકી દીધો.

પૂજ્ય 'મા' ન્યૂજર્સીમાં અને અમે રહ્યા ટોરોન્ટો, કૅનેડામાં ! અહીંયાથી લગભગ ૮ થી ૧૦ કલાકનું ડ્રાઈવિંગ થાય.

ફોન મૂક્યા બાદ તુરત જ ટોરોન્ટો ધ્યાનકેન્દ્રના ભક્તોને આ શુભ સમાચાર આપ્યા. એ જ વખતે એક વિચાર આવ્યો કે અમે પોત પોતાની કાર લઈને જઈએ અથવા તો થોડીક મોટી વાન લઈને જઈએ, તો પણ ૨૦ જેટલી કાર થઈ જાય અને વડીલો પણ આટલા કલાકો ડ્રાઈવિંગ ના કરી શકે. બીજી બાજુ એક વિચાર એ પણ આવ્યો, કે કેમ એક મોટી લકઝરી બસ લઈને ના જઈએ ? શું આટલી જલ્દી એની વ્યવસ્થા થશે ? ૫૪ ભક્તો તૈયાર થશે ?

'મા' પ્રભુનું નામ રટણ કરીને તરત જ ગ્રુપમાં મેસેજ મોકલ્યો કે બસ કરવાનો વિચાર છે તો કોને આવવું છે, બીજી બાજુ હૉટેલના પ્રયત્નો પણ શરુ થઈ ગયા. તમે માનશો નહિ કે 'મા' પ્રભુની કૃપાથી, ૨૪ કલાકની અંદર પૂરા ૫૪ ભક્તોનાં નામ આવી ગયા, બસનું બુકિંગ થઈ ગયું અને બધાં માટે રહેવાની હૉટેલ પણ બુક થઈ ગઈ. આ શું 'મા' પ્રભુની કૃપા વગર થઈ શકે ? 'મા' પ્રભુની યોજના કેવી અદ્ભુત છે ?

સૌ ભક્તોની દર્શનયાત્રા સવારે ૪.૩૦ વાગ્યાથી બુર્સમાં શરૂ થઈ. મંત્રગાન, બાવની, ભજનો અને ધૂન કરતાં કરતાં અમે ધાર્યા કરતાં, એક કલાક વહેલા યજમાનને ત્યાં સત્સંગ માટે પહોંચી ગયા ! રસ્તામાં પૂજ્ય 'મા'ના વારંવાર મેસેજ આવતા હતા. પૂજ્ય 'મા' એમનાં બાળકોની સતત સંભાળ લેતાં હતાં. ક્યાં આવ્યા ? ખાધું ? કેટલે દૂર છો ?

યજમાનને ત્યાં પહોંચ્યા બાદ, પૂજ્ય 'મા'નું અમેરિકા અને કૅનેડાનાં સર્વ ભક્તો, બાળકો અને વડીલોએ ગરબા અને ધૂનથી સ્વાગત કર્યું. ત્યારબાદ, પૂજ્ય 'મા'એ ભક્તો માટે ૫ કલાકથી પણ

વધુ, સતત દર્શનનો લાભ આપ્યો, પૂજ્ય 'મા'ના શરીરમાં ઘણો થાક હશે છતાં પણ પૂજ્ય 'મા' હસતાં અને હસાવતાં અમને સૌને વધાવ્યાં અને દર્શનથી તૃપ્ત કર્યાં.

ભક્તોએ સત્સંગ પ્રેમથી માન્યો અને એવો ભાવ થયો કે સત્સંગ અવિરતપણે ચાલ્યા જ કરે.

આપની દશરથયાત્રાનાં દર્શન કર્યાં ત્યારે લાગ્યું કે ''મે'' મહિનાની સખત ગરમીમાં જુવાર નાંખે તો ધાણી ફૂટે, એવા ભયંકર તાપમાં, કંકર-રસ્તે, પૂજ્ય 'મા' પગરખાં અને પાણી વગર, હસતાં હસતાં ગુરુદેવ પ્રભુએ જ્યાં વર્ષો કઠોર તપ કર્યું તે દશરથાચલના તીર્થ સ્થાને પ્રયાણ કરતાં હતાં. પગમાં ઘણાં છાલાં પડ્યાં, લોહીની ટશરો ફૂટી છતાં, વિના ડગે એમણે યાત્રા પૂર્ણ કરી. તે બતાવે છે કે પૂજ્ય 'મા'નો પ્રભુ પ્રત્યેનો પ્રેમ અને અડગ વિશ્વાસ ! આ દ્રશ્ય જોઈને ભક્તોની આંખોમાં પાણી આવી ગયાં.

દશરથયાત્રાનું દર્શન ગુરુ પ્રત્યેના પ્રેમ, ભક્તિ અને સર્વસમર્પણની અનુપમ ગાથા છે. સહજ જ મહાદેવી પાર્વતીના તપ, ભક્તિ અને પ્રેમનું પુરાણોમાં થયેલું આલેખન યાદ આવી ગયું. પૂ.શ્રી'મા'નું જીવન જ એક અદ્વિતીય સંદેશ છે. ગુરુભક્તિ અને સ્વાર્પણનું અપ્રતીમ ઉદાહરણ છે !

હે 'મા', આપ ખરેખર દયાની, પ્રેમની અને કરુણાની દેવી છો. આપ આપનાં બાળકો પર હરહંમેશ પ્રેમનો વરસાદ વરસાવ્યાં કરો છો, આશીર્વાદ આપ્યાં કરો છો અને એક સરસ અને સાર્થક જીવન જીવવાનો પંથ દોરો છો.

સત્સંગ પૂર્ણ થયા પછી, પૂજ્ય 'મા'ના નિવાસસ્થાનમાં, પૂજ્ય 'મા'એ એક કવરમાં લક્ષ્મીજીની ભેટ આપી. અને કહ્યું કે આ જે બસમાં આવ્યા હતા તે ભક્તો માટેની પ્રસાદી છે. ઘણી ના પાડ્યા છતાં, પૂજ્ય 'મા'એ પ્રેમથી સ્વીકારવાની વિનંતી કરી. જ્યારે આ વાત વાગોળી ત્યારે થયું કે આ જગતમાં આવા સંત ક્યાં છે, જે આપણા યોગક્ષેમનું સામેથી વહન કરે.

''તમે દેનાર છો, લેનાર છો ના, ઓ મહાદેવી
નથી લેવી કહ્યા તેથી, કહ્યા તમને સદા દેવી''

ખરેખર, પ્રભુએ જે પૂજ્ય 'મા' વિશે વર્ણન કર્યું છે, તેનું સત્ય અહીં સમજાય છે.

**—શ્રી વિકાસ અને રૂપલ**
**(ટોરોન્ટો કેનેડા)**



# ॥ દર્શનપર્વ ॥

પૂ.શ્રી'મા' આધુનિક જમાનાના કૃષ્ણ છે. જેમ હજારો વર્ષ પહેલાં કૃષ્ણ ભગવાનની મુરલીના સૂરીલા નાદથી ગોપગોપીઓ મુગ્ધ બનીને કૃષ્ણ ભગવાન પાસે દોડી આવતા તેમ કૃષ્ણરૂપી 'મા'નાં દર્શનપર્વનો લહાવો લેવા બધાં કામ છોડીને, બાર-બાર કલાકની ટોરોન્ટોથી ન્યૂજર્સીની બસયાત્રા કરીને શ્રી દેવાંગભાઈ અને શ્રી અર્પિતાબેનનાં આંગણે દોડી આવ્યાં. દર્શનપર્વના અકલ્પનીય આયોજનથી યજમાનને આંગણે લગભગ ૧૫૦ થી પણ વધારે 'મા' પરિવારના ભક્તોને 'મા'નાં દર્શન અને સાંનિધ્યનો લાભ મળ્યો, યજમાનના પટાંગણમાં પૂ.શ્રી'મા'ના પવિત્ર પગલાં જ જાણે કે એક ઉત્સવ બની ગયો. સ્વર્ગીય સુખનો આનંદ પ્રાપ્ત થયો. સદ્‌ચિત્ત આનંદસ્વરૂપા 'મા'ના ભવ્ય સ્વાગતમાં ન્યૂજર્સી, ટોરોન્ટોના ફૂલવાડીનાં બાળકોથી માંડીને નવયુવાનો અને વડીલોએ ભાગ લીધો. મૃદંગ, નગારાં, સ્વાગતગીતો અને ગરબાની રમઝટ સાથેનું દ્રશ્ય ખરેખર અદ્‌ભુત અને અવર્ણનીય હતું. સ્વાગત દરમ્યાન પૂ.શ્રી'મા'નો તેમનાં બાળકો માટેનો અપાર પ્રેમ અને બાળકોના 'મા' પ્રત્યેના નિર્દોષ પ્રેમનું દર્શન ભાવવિભોરથી ભરપૂર હતું. દરેક ભક્તના હૃદયમાં સુખશાંતિ અને આનંદનું પવિત્ર ઝરણું પ્રાદુર્ભાવ પામ્યું હોય તેમ લાગ્યું. આખું વાતાવરણ 'મા' મય બની ગયું. સ્વર્ગીય સુખનો અનુભવ થયો. સાચે જ મા, પરમાર્થીએ વર્ષો પહેલાં લખેલું :

'સ્વર્ગ સુખ પણ તુચ્છ દિસે, 'મા', તુજ સંગે વૈકુંઠ વસે
સંસાર કેરો 'મા' છે સાર, પ્રેમતણો 'મા' પારાવાર.'

આ શબ્દો આજે કેટલા બધાં સાર્થક લાગે છે.

ટોરોન્ટો યોગેશ્વર ધ્યાનકેન્દ્ર ખરેખર પૂ.શ્રી'મા'નો ખૂબ જ આભારી છે. અશક્યને સહજ રીતે શક્ય કરનારી હે 'મા' ! તારી પરમ કૃપાથી ફક્ત ત્રણ જ દિવસમાં ટ્રાવેલ બસનું આયોજન શક્ય બન્યું. શ્રી અનિલભાઈ, શ્રી વિકાસભાઈ અને શ્રી પી. કે. શાહને નિમિત્ત બનાવી, સરસ સુવિધાવાળી ટ્રાવેલ બસની વ્યવસ્થા થઈ ગઈ અને શનિવાર, એપ્રિલ ૮, ૨૦૨૩ના રોજ વહેલી સવારે ૪ વાગ્યે દર્શન યાત્રા બસમાં ૫૪ જેટલા 'મા' પરિવારના ભક્તોએ પ્રસ્થાન કર્યું. આમ 'મા'ની કૃપાનો વરસાદ વરસતો જ રહ્યો, અરે ! ફક્ત ૧૫ થી ૨૦ મિનિટમાં જ અમેરિકન ઈમિગ્રેશન કોઈપણ જાતના વિલંબ કે

તકલીફ વિના પૂર્ણ થયું અને બપોરના ત્રણ વાગ્યે તો અમે સૌ, ન્યૂજર્સી યજમાનના આંગણે પહોંચી પણ ગયા.

હવે સ્વાગત બાદ પૂ.શ્રી'મા'ના દરબારમાં સત્સંગનો આરંભ થયો. 'મા' તો આપણી કલ્પનાથી પર જ કોઈને પણ ધ્યાનમાં ના આવે એવું વિસ્મિત અને આનંદવિભોર કરી દે. પૂ.શ્રી'મા'ની બેઠક આગળ સ્વાગત કરવા ઊભેલી યજમાન બહેનો પણ આશ્ચર્યચકિત થઈ ગઈ. અચાનક જ 'મા'એ બેઠક તરફ જવાને બદલે પાછળના ભાગમાં જમીન અને ખુરશી પર બેઠેલા વડીલ ભાઈઓ-બહેનોને દર્શન આપવા તેમના તરફ દોડી આવ્યાં અને ત્યારબાદ તેઓ બેઠક તરફ બિરાજમાન થવાને માટે ગયાં. લગભગ ૬ કલાક કરતાં પણ વધારે સમય સુધી સૌને 'મા'ના દર્શનનો લહાવો મળ્યો. મે મહિનાની અસહ્ય ગરમીમાં, નિર્જળા વ્રત સાથે, ધારદાર પથ્થરો ઉપર પૂ.'મા' ખૂલ્લાં ચરણોથી ચાલતાં વખતની લોહીથી સભર અસહ્ય વેદના જોતાં પૂ.'મા'ની ઉચ્ચતમ ગુરુભક્તિનાં દર્શન વીડિયોમાં જોવા મળે છે. સત્સંગ દરબારમાં ફૂલવાડીની વીડિયો જોતાં એવું અનુભવ્યું કે 'મા' એ બાળકોમાં સંસ્કારનું સિંચન કર્યું તે સાર્થક બનતું લાગે છે. અરે ! પૂ.'મા'ના સ્વહસ્તે લખાયેલા 'શ્રી યોગેશ્વર લીલામૃત' સાંભળતાં પૂ.શ્રી'મા'ની ગુરુભક્તિ અને ગુરુપ્રેમની ખુમારીનાં દર્શન થતાં અમારા જેવા કેટલાય ભક્તોમાં એક નવા પ્રકારના લોહીનો સંચાર થતાં અનેકઘણી સાત્ત્વિક ઊર્જા પ્રદાન થતી હોય તેમ લાગે છે.

સત્સંગ દરમ્યાન શ્રી દેવાંગભાઈ, અર્પિતાબેન, રક્ષિતાબેન, રાજુભાઈ તેમજ શ્રી દક્ષેશભાઈના 'મા' પ્રત્યેના પ્રતિભાવો અને રમૂજી વાતો દ્વારા પૂ.શ્રી'મા'ની છુપાયેલી ઘણી વિશેષતાઓ જાણવા મળતાં 'મા'ની દિવ્ય શક્તિનાં દર્શન થાય છે. વીડિયોમાં શ્રી સમિતભાઈની પૂ.'મા' સાથેની 'સ્વર્ગારોહણ'ની મેરેથોન દોડને જોવાનો લાભ પણ મળ્યો. પૂ.શ્રી'મા'ને હસતાં હસતાં 'સ્વર્ગારોહણ'ની મેરેથોનમાં ત્રણ રાઉન્ડ દોડતાં જોવાનો લાભ પણ મળ્યો. આવી રીતે આજે પૂ.શ્રી'મા'ની અનેક વિશેષતાનાં દર્શન થતાં અમારી દર્શનયાત્રા અત્યંત લાભદાયી નીવડી. અસીમ પ્રેમનાં દર્શન થયાં. સત્સંગીઓમાં આત્મીયતા વધી, પ્રેમ જાગ્યો અને એકબીજાને નજીકથી જાણવાનો લહાવો મળ્યો. સાચે જ હે 'મા' ! તમો તમારા બાળકો માટે કેટલું બધું કષ્ટ વેઠો છો.

'સંયમેન્દ્રિયવૃત્તિ યા, તપસા યોગ માર્ગણા ।
તનોતિ મંગલાન લોકે, સર્વૈશ્વર્યે નમો નમઃ ॥

આજે આ બધું અમોને સમજાય છે કે તમો બાળકોના કલ્યાણ માટે



અસહ્ય કષ્ટ વેઠીને, અનેક મુશ્કેલીઓ વેઠીને વિચરણ કરો છો. હે 'મા' ! આજે અહીં બેઠેલામાં પરિવારને એમ લાગે છે કે મારે એક 'મા' છે, જે અમારાં સૌની સતત ચિંતા કર્યા કરે છે. અરે ! આ અમારી 'મા' વિશ્વના કોઈપણ ખૂણે હશે તો પણ અમો સર્વ 'મા'ના મનઅંતરમાં અવિભાજ્ય અંગ તરીકે બિરાજમાન રહીશું. હે 'મા' ! અમારી બધી જ પ્રાર્થનાઓ તમે સાંભળો જ છો. સાચે જ 'મા' તમો સુખ-દુઃખના સાથી છો. જ્યારે જ્યારે યોગ્ય લાગે ત્યારે અને યોગ્ય સમયે અમારા ભલા માટે કાર્ય કરતાં જ રહો છો. સાચે જ 'મા' તારા ઉપકારો ગણ્યા ગણાય ના અને વીણ્યાં વીણાય ના, તેવા છે. આધુનિક યુગમાં કદાચ વિજ્ઞાન આકાશના તારાઓને ગણી શકે અને મહાસાગરનાં પાણીને પણ માપી શકે પરંતુ 'હે 'મા' ! તારા ડગલે ને પગલે પ્રાપ્ત થતા ઉપકારોને કદાપિ માપી શકાય તેમ નથી. અંતમાં તારા આવા અનેક ઉપકારોને કદી ના ભૂલીએ સદ્‌વિચારો અને આશીર્વાદની અમારી અભિલાષાને જીવંત બનાવજે.'

હવે સત્સંગ પૂર્ણ થવાનો સમય થઈ ગયો. પૂ.શ્રી'મા' એ નવા પ્રકારના લોહીનું સિંચન થાય અને ઉત્સાહ ઉમંગ જીવંત રહે એ હેતુથી ત્રણ ત્રણ વર્ષનો એકસામટો પ્રસાદ પોતાના સ્વહસ્તે અર્પણ કર્યો. આનંદ ને આશીર્વાદ સાથે વિદાય આપી. બીજા દિવસે સવારે એટલે કે રવિવાર, ૯મી એપ્રિલે ટોરોન્ટોપ્રસ્થાનની તૈયારી થઈ ગઈ. હૉટેલના હૉલમાં વિકાસભાઈ, અનિલભાઈ, કેતનભાઈ, ઉમેશભાઈ તથા રંજનબેન, રૂપલબેન, મીનાબેન, સરોજબેન તેમજ યુવાનોની ટીમે સવારના નાસ્તાની સુંદર વ્યવસ્થા કરી. યજમાન શ્રી દેવાંગભાઈ અને અર્પિતાબેન પણ વિદાયસમયે સૌને મળવા આવ્યા અને તેમની 'મા' પ્રભુની આશ્ચર્ય અને ચમત્કારથી ભરપૂર વાતો સાંભળી સૌ ભાવવિભોર બની ગયા. બસમાં નાનાં નાનાં બાળકો, તીર્થા, મધુરમ, તિલકથી માંડીને બધા જ નવયુવાનોને મુખડે કાલી કાલી ભાષામાં પૂ.શ્રી'મા' માટેના પ્રતિભાવોના અનોખા દર્શન થયા. સર્વ કાર્યકર્તાઓને 'મા'–પ્રભુના આશીર્વાદ હરહંમેશ મળતા રહે એ જ પ્રાર્થના.

પૂ.શ્રી'મા'ની અસીમ કૃપાથી અમે સૌ નિર્વિઘ્ને સહીસલામત ટોરોન્ટો આવી પહોંચ્યા. હે 'મા' ! સાચે જ આ પ્રથમ બસ-દર્શનયાત્રા સર્વ રીતે આપશ્રીની અનુકંપાથી અને આશીર્વાદથી સફળ રહી.

**–શ્રી જયંતીભાઈ**

**(ટોરોન્ટો, કૅનેડા)**

# ॥ દર્શનયાત્રા ॥

સાચે જ 'મા' તે 'મા', ખરેખર ! આપણાં 'મા' તો જગત જનની. આપણી જનની કૃપાળુ 'મા'ને સૌની ચિંતા. કોરોનાકાળ દરમ્યાન 'મા' ભારતનાં બાળકોને થોડું થોડું મળી લેતાં હતાં, પરંતુ વિદેશનાં પોતાના બાળકોને મળવાની પણ જાણે કે 'મા'ને એટલી જ તાલાવેલી ! ૨૦૨૧ના નવેમ્બરમાં તો જાણે કે 'મા'એ હાંક મારીને વિદેશના બાળકોને બોલાવ્યાં તો જેઓ 'સ્વર્ગારોહણ' જઈ શક્યાં તેઓ જ 'મા'નાં દર્શન પામી શક્યાં પરંતુ જેઓ નહોતાં આવી શક્યા તેમની પણ 'મા'ને વિશેષ ચિંતા. તો 'મા' પધાર્યાં આ વિદેશની ધરતી પર, અને આ ધરતી પર પગ મૂકતાં જ દૂર દૂર રહેતાં પોતાના બાળકોને જેટલું વહેલામાં વહેલું મળી શકાય તેની યોજના 'મા'એ શ્રી દેવાંગભાઈ અને અર્પિતાબેનના આંગણે કરી દીધી.

અહીં કૅનેડામાં સૌ બાળકોને જેવા સમાચાર મળ્યા કે પૂ.શ્રી'મા', ન્યૂજર્સી (અમેરિકા) શ્રી વિનોદભાઈને ત્યાં પધાર્યા છે અને શનિવાર, એપ્રિલ ૮ના રોજ 'મા'નાં દર્શન અને સત્સંગ માટે પધારો—આ મેસેજ સાંભળીને સૌ ભક્તજનો આનંદમાં આવી ગયાં પરંતુ ઘણા, ૧૦ થી ૧૨ કલાક સુધીનું લાંબું ડ્રાઈવિંગ ના કરી શકે તેઓ મૂંઝાયા પરંતુ 'મા'ની કૃપા તો જુઓ ! જ્યાં 'મા' જ પોતાના બાળકોને પાસે બોલાવવાની યોજના કરતાં હોય ત્યાં બધું જ સરળ, સહજ થવા માંડે.

અહીં ગુડ-ફ્રાઈડે સાથે શનિ-રવિ એટલે લોન્ગ વિકેન્ડ (શુક્ર-શનિ-રવિ) ત્રણ દિવસની રજા અને અહીં પરદેશમાં વિન્ટર પછીનું આ પહેલું જ લોન્ગ વિકેન્ડ; એટલે સહેજે લોકો બહાર ફરવા જાય જેથી હૉટેલમાં રહેવાની જગ્યા પણ તાત્કાલિક ના જ મળી શકે કે મોટા વાહનો બસ કે એવું પણ ભાડે મળવું ખૂબ જ મુશ્કેલ અને અશક્ય છતાં આપણા ટોરોન્ટો યોગેશ્વર ધ્યાનકેન્દ્રના યુવકોએ બસ માટે ઘણા પ્રયત્નો કરી જોયા. આપણે કહીએ ને કે "હિંમતે મર્દા તો મદદે ભગવાન !" તેમ 'મા'—પ્રભુની કૃપાથી ફક્ત બે દિવસમાં જ



બસની સગવડ થઈ ગઈ અને તેજ રીતે બસ ના ૫૪ ભક્તોની રહેવા માટેની સગવડ પણ એક જ મોટેલમાં શ્રી રાજુભાઈના પ્રયત્નથી રહેવાની સરસ સુવિધાવાળી સગવડ પણ થઈ ગઈ. આપણને ખરેખર નવાઈ લાગે કે અશક્ય ને શક્ય કરનારાં આપણાં 'મા'—પ્રભુએ જાણે કે ઘણા દિવસો પહેલાથી જ આ બધી વ્યવસ્થા કરી રાખી ન હોય ? બાકી ફક્ત બે જ દિવસમાં જ આ બધું થવું બિલકુલ અશક્ય જ હતું. જય હો ! 'મા'નો જય હો ! ધન્ય છે ટોરોન્ટો યોગેશ્વર ધ્યાનકેન્દ્રના યુવાનોને જેમણે 'મા'નાં ચરણોમાં શ્રદ્ધાથી ઝૂકીને પ્રયત્નો કર્યા તો 'મા'-પ્રભુ મદદે દોડ્યા, સૌ હોંશે હોંશે તૈયાર થઈ ગયા, જાણે કે વહાલી 'મા'નાં દર્શન માટે દોડ્યા ! અરે ! જાણે કે હરણફાળ ભરતા દોડી ગયા વહાલી 'મા' પાસે. રસ્તામાં નાસ્તો, લંચ વગેરે પણ સૌ ભક્તોએ મળીને તૈયાર કરી દીધું અને નવ મંત્રગાનના બુલંદ નારા સાથે શનિવારે મળસ્કે ૪.૦૦ ના અહીં ટોરોન્ટોથી ન્યૂજર્સી વહાલી 'મા'ના દર્શન કરવા માટે અમે સૌએ પ્રયાણ કર્યું.

બસમાં ઢોલક, મંજીરાં વગેરે વાજિંત્રો સાથે 'મા'-પ્રભુની બાવની, ભજન, ધૂન કરતાં રહ્યાં અને 'મા'-પ્રભુ તો જાણે સતત સતત આપણી સાથે જ હોય. આપણને જાણે એમની પ્રેમભરી નજરે નિહાળ્યા કરતા હોય એમ થોડી થોડી વારે ફોન કરતા જ રહ્યા. કૅનેડા-અમેરિકાની બૉર્ડર ઉપર વાહનોની ઘણી મોટી લાઈન હોય, દરેક વાહનોનું ચૅકીંગ થાય, દરેક યાત્રીના પાસપોર્ટ પણ ચૅક થાય અને ઈમિગ્રેશનમાં કંઈક ડાઉટ લાગે તો કલાકો નીકળી જાય પરંતુ આપણી સાથે તો આપણાં 'મા'—પ્રભુ હતાંને ! એટલે માત્ર પંદર જ મિનિટમાં ૫૪ ભક્તોનું ચેકીંગ ખૂબ સરળતાથી થઈ ગયું. અદ્‌ભુત ! અદ્‌ભુત ! કેવી 'મા'ની કૃપા !

સૌને 'મા'નાં દર્શનની તાલાવેલી. ત્રણ વાગ્યે અમે સૌ પૂ.'મા'ની કૃપાથી શ્રી દેવાંગભાઈ અર્પિતાબેનના નિવાસસ્થાને સહીસલામત પહોંચી ગયાં. સૌ આવનારા ભક્તોનું કંકુતિલકથી ભાવભર્યું, અંતરના ઉમળકાથી સ્વાગત કર્યું. સૌને જ્યુસ અને પ્રસાદ મળ્યો, સૌ તૈયાર થઈ

'મા'ના સ્વાગત માટે આંગણામાં આવી ગયાં. સૌએ બાવની, ગરબા, દોહા, સ્વાગતનાં ગીતો અને ઢોલ, મંજીરાં વગેરે વાજિંત્રોના ધ્વનિ સાથે પ્રેમભર્યા અંતરતમથી 'મા'-પ્રભુને વધાવ્યા. અને 'મા' પણ ધીમે ધીમે મંડપમાં પધાર્યાં અને આસન પર બિરાજતાં પહેલાં છેક પાછળ બેઠેલા ભક્તો પાસે પહોંચી ગયાં. સૌને જાણે કે પ્રેમભરી નજરે નિહાળી લીધા. અરે ! પ્રેમભરી નજરે સૌને પ્રેમથી મળી લીધું. ''હે 'મા' ! હંમેશાં એવી જ રીતે પ્રેમભરી નજરે સૌને નિહાળ્યા કરજે.'' સૌનુંએ મંગલ કરનારી દેવી પ્રસન્ન થઈ ગયા, અને 'મા' તો એમની કૃપાનો વરસાદ વરસાવતા જ રહ્યા.

